## પોલીસ ઇન્સ્પેકટરની કચેરી

## નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

ફોનનં-૦૭૯-૨૫૭૧૦૦૭૪E-polstn-narol-ahd @gujarat.gov.in

પોલીસ કંટ્રોલરૂમ ટેલીફોન નંબર–૦૭૯-૨૫૬૨૭૫૧૦

# પ્રેસનોટ

## મોબાઈલ ફોનની ચીલઝડપના બે આરોપીઓને ચોરીના મોબાઈલ ફોન નંગ ૨ તથા મો.સા. સાથે પકડી ઈસનપુર પોલીસ સ્ટેશનના ચીલઝડપના ગુનાનો ભેદ ઉકેલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ સંયુક્ત પોલીસ કમિ. શ્રી સેકટર-૨ સા.શ્રી તેમજ ના.પો.કમિ.શ્રી, ઝોન-૬ સા. તેમજ ઇ.મ.પો.કમિ.શ્રી "કે"" ડીવીઝન અમદાવાદ શહેર શ્રી નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સપેકટર એસ.એ.ગોહીલ સાહેબ નાઓએ મિલ્કત સબંધી ગુનાઓ અટકાવવા તથા શોધી કાઢવા સારુ કરેલ સુચના અને માર્ગદર્શન હેઠળ આજરોજ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઈન્સ ડી.આર.રાવ તથા પો.કો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.નં.૫૯૧૮ તથા પો.કો.હરદીપસિંહ વિજયસિંહ બ.નં.૧૧૮૭ તથા પો.કો.ભાવદીપસિંહ મેઘુભા બ.નં.૧૧૦૬ તથા પો.કો.કાનાભાઈ સુરાભાઈ બ.નં.૧૦૦૮૭ તથા બીજા સ્ટાફના માણસો સાથે સાથે નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીગમાં હતા અને પેટ્રોલિંગ ફરતા ફરતા કલાક ૧૯/૧૫ વાગે વટવા ટર્નિંગ પાસે આવતાં સાથેના પો.કો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ તથા પો.કો.ભાવદીપસિંહ મેઘુભા નાઓએ સંયુકત બાતમી હકિકત આપેલ કે " એક લાલ કલરના સ્પલેન્ડર મો.સા.નં.જીજે-૨૭-સી.એચ.-૭૧૩૫ ઉપર બે ઈસમો પોતાની પાસે કેટલાક મોબાઈલ ફોન ચોરી અથવા છળકપટથી મેળવી લઈ વેચવા સારુ વટવા ગામ તરફથી આવી અત્રે થઈ દાણીલીમડા તરફ જવાના છે."જે બાતમી આધારે સદરી ઈસમની વોચમાં રહેતાં થોડીવારમાં ઉપરોકત બાતમી હકિકતમાં જણાવેલ વર્ણનવાળા ઈસમો દુરથી આવતાં જણાતા કોર્ડન કરી રોકી લઈ સદરી ઈસમોના નામ ઠામ પુછતાં મો.સા.ચાલકે પોતાનુ નામ મોહંમદ આસિફ ઉર્ફે તડુ મોહંમદ હનીફ જાતે શેખ ઉ.વ.૨૪ ધંધો.છુટક મજુરીકામ રહે.નવાબચોક, મુસ્તુફા મસ્જીદની પાસે ચંડોળા તળાવના છાપરા શાહઆલમ અમદાવાદ શહેર તથા મો.સા.ની પાછળ બેઠેલ ઈસમે પોતાનુ નામ ઉસ્માનખાન ઉર્ફે આલુ અબ્બાસખાન જાતે પઠાણ ઉ.વ.૧૯ ધંધો.છુટક મજુરીકામ રહે.નવાબચોક, મુસ્તુફા મસ્જીદની પાસે ચંડોળા તળાવના છાપરા શાહઆલમ અમદાવાદ શહેરનાનો હોવાનુ જણાવેલ અને તેઓ બંન્ને પાસેથી મોબાઈલ ફોન નંગ-૨ કિ..રૂ.૧૫૦૦૦/- ની મત્તના તથા સ્પલેન્ડર મો.સા.નં.જીજે-૨૭-સી.એચ.-૭૧૩૫ ની કિ.રૂ.૩૫૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૫૦,૦૦૦/- ની મત્તાનો મુદ્દામાલ ધી સી.આર.પી.સી.કલમ ૧૦૨ મુજબ પંચનામા વિગતે કબ્જે કરી સી.આર.પી.સી.કલમ ૪૧(૧)ડી મુજબ આરોપીઓને તા.૧૭/૧૧/૨૦૧૯ ના કલાક ૨૦/૧૫ વાગે પકડી અટક કરી વધુ પુછપરછ કરતા આરોપીઓએ ઈસનપુર પોલીસ સ્ટેશન

વિસ્તારમાંથી મોબાઈલ ફોનની ચીલઝડપ કરેલાની કબુલાત કરતા સદરી બાબતે ઈસનપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં ૧૮૧/૨૦૧૯ ધી ઈપીકો કલમ ૩૭૯ (એ)(૩)મુજબનો ગુનો દાખલ થયેલ હોય જેથી આરોપીઓને ઈસનપુર પોલીસ સ્ટેશનના ગુનામાં વધુ તપાસ અર્થે સોપેલ છે અને મિલકત સબંધી ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

